# વાર્ષિક પરીક્ષા **મહિલામંડળ** નું પેપર

તા. ૦૭-૦૧-૨૦૧૮ ● સમય: સવારે ૯ થી ૧૨ ● શ્રેણી: **૧૧** ● ગુણ: ૧૦૦

**Dharmik Shikshan Board Certificate Course Level : 1**

**પ્ર.:૧ નીચેના પ્રશ્નોના જવાબ લખો : (કોઈ પણ ચાર) (૮) ૧૫**

**અ)** ૧) અનર્થાદંડના પ્રકાર કેટલા ? તેના મૂળ શબ્દો અર્થ સહિત લખો.

**જ:** ૧) જીવ અનર્થદંડે ૪ પ્રકારે દંડાય છે.

૧) અવજઝાણા ચરિયં - માઠુ ધ્યાન ધરવાથી.
૨) પમાયા ચરિયં - પ્રમાદ કરવાથી
૩) હિંસપ્પયાણં - હિંસા થાય તેવાં શસ્ત્રો આપવાથી
૪) પાવકમ્મોવએસ - પાપ કર્મનો ઉપદેશ આપવાથી

૨) પંચપરમેષ્ઠિના પાંચ પદમાં સાધુ -સાધ્વી, સિમંધર સ્વામી અને મહાવીર સ્વામીનો સમાવેશ કયા પદમાં થાય છે ?

**જ:** ૨) સાધુ - સાધ્વી - છેલ્લા પદમાં નમોલોએસવ્વસાહૂણં
સિમંધર સ્વામી - પ્રથમ પદમાં નમોઅરિહંતાણં
મહાવીર સ્વામી - દ્વિતીય પદમાં નમો સિધ્ધાણં

૩) કેટલું આયુષ્ય હોય તો કેવળજ્ઞાન થઈ શકે ? અને કેવળી ભગવાનનું ચારિત્ર કયું ?

**જ:** ૩) જધન્ય ગર્ભ સહિત નવ વર્ષ, ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વમાં નવ વર્ષ ઊણુ, આટલાં આયુષ્ય વાળાને કેવળજ્ઞાન થઈ શકે અને તેમને યથાખ્યાત ચારિત્ર હોય.

૪) મિથ્યાત્વ એટલે શું ? તેના પ્રકાર કેટલા છે ?

**જ:** ૪) તત્વની ખોટી માન્યતાને મિથાત્વ કહે છે, દર્શન મોહનીય કર્મના ઉદયથી જીવ - અજીવ વચ્ચે નવ તત્વમાં શ્રધ્ધા ન હોવી. સુદેવ, સુગુરૂ અને સુધર્મમાં ઓછી અધિક કે વિપરીત શ્રધ્ધા હોવી તે મિથાત્વ છે. મિથાત્વના ૨૫ પ્રકાર છે.

૫) દુષ્પ્રતિલેખન અને દુષ્પ્રમાર્જનનો અર્થ શું છે ?

**જ:** ૫) આળસ પૂર્વક, ઉતાવળથી, વિધિપૂર્વક ન જોયું તે દુષ્પ્રતિલેખના છે. ઉતાવળમાં વિધિ વિના, ઉપયોગ હીન દશામાં પ્રમાર્જન કરવું તે દુષ્પ્રમાર્જન છે.

**બ) શબ્દના અર્થ લખો : (૨)**

**જવાબ**

૧) દુરૂહીને - ઉપર બેસીને
૨) મુચ્ચંતિ - ભવોપગ્રાહી કર્મોથી મુક્ત થાય છે.
૩) મિચ્છાએ - મિથ્યાભાવે કરેલી
૪) જલ્લ - મેલ

**ક) શબ્દો માગધી ભાષામાં લખો : (૨)**

**જવાબ**

૧) અંગીકાર કરું છું - પવજ્જામિ
૨) સંયતિ છું - સંજય
૩) અતિચાર વિષે - અઈયારો
૪) નહિ કરવા વડે - અકરણયાએ

**ડ) આંકડામાં જવાબ લખો :** **(૩)**

| | | | **જવાબ** |
|---|---|---|---|
| ૧) | અસમાધિનાં સ્થાન | - | ૨૦ |
| ૨) | આચાર્યના ગુણ | - | ૩૬ |
| ૩) | શ્રાવકની પડિમા | - | ૧૧ |
| ૪) | ગુણાવ્રતના અતિચાર | - | ૩૦ |
| ૫) | બાહ્ય પરિગ્રહના પ્રકાર | - | ૯ |
| ૬) | ગુપ્તિના પ્રકાર | - | ૩ |

**પ્ર.: ૨ ગુણસ્થાનના થોડકાના આધારે જવાબ લખો. (કોઈ પણ દસ)** **(૨૦) ૪૦**

**ક)** ૧) ગુણાસ્થાનની ૧ લી ગાથા લખો.

**જ:** ૧) નામ લક્ષણ ગુણ ઠિઇ કિરિયા સત્તા બંધ વેદે ય ।
ઉદય ઉદિરણા ચેવ, નિજ્જરા ભાવ કારણા ।।૧।।

૨) ૩, ૬, ૯, ૧૨, ૧૫, ૧૮ મા દ્વારના નામ લખો.

**જ:** ૨) ૩ – સ્થિતિ દ્વાર, ૬ – બંધ દ્વાર, ૯ – ઉદિરણા, ૧૨ – કારણ દ્વાર, ૧૫ – આત્મા દ્વાર, ૧૮ – ઉપયોગ દ્વાર

૩) ૨, ૪, ૭, ૧૦, ૧૧, ૧૩ મા ગુણાસ્થાન નામ લખો.

**જ:** ૩) ગુણાસ્થાન નામ - ૨ – સાસ્વાદન ગુણાસ્થાન, ૪ – અવિરત સમ્યગ દ્રષ્ટિ ગુણાસ્થાન, ૭ – અપ્રમત્ત સંયતિ ગુણાસ્થાન , ૧૦ – સૂક્ષ્મ સંપરાય ગુણાસ્થાન , ૧૧ – ઉપશાંત મોહનીય ગુણાસ્થાન, ૧૩ – સયોગી કેવળી ગુણાસ્થાન

૪) બીજા ગુણાસ્થાનનું ફળ લખો. આ ગુણાસ્થાને જીવના ભેદ કયા કયા છે ?

**જ:** ૪) બીજા ગુણાસ્થાનનું ફળ – ૪ ગતિ, ૨૪ દડંક, ૮૪ લાખ જીવાયોનિમાં પરિભ્રમણ કરે. બે – તે – ચૌ ના અપર્યાપ્તા અને અસંજ્ઞી તિ. પંચેના અપર્યાપ્ત અને સંજ્ઞી પંચેના પર્યા. – અર્પા એમ છ ભેદ.

૫) આઠમાં ગુણાસ્થાનનું બીજું નામ શું છે ? શા માટે ?

**જ:** ૫) આઠમાં ગુણાસ્થાનનું બીજું નામ અપૂર્વકરણ ગુણાસ્થાન છે. આ ગુણાસ્થાનકે શુક્લધ્યાનની પ્રાપ્તિ કરી. તેના પ્રથમ પાયા દ્વારા પ્રતિસમય અનંતગુણ વિશુધ્ધિના પરિણામથી સ્થિતિધાત આદિ પાંચ અર્પૂવ કરણ કરી કોઈ કાળે પૂર્વેતે પરિણામ આવ્યાં ન હતાં તે આવ્યા તેથી અપૂર્વકરણ કહેવાય છે.

૬) ૧૪માં ગુણાસ્થાનનું લક્ષણ લખો.

**જ:** ૬) ૧૪માં ગુણાસ્થાનનું લક્ષણ – અયોગી કેવળી ગુણાસ્થાનનું જે ગુણાસ્થાનમાં કેવળજ્ઞાનીના યોગનો સંપૂર્ણ નિરોધ થઈ જવાથી અયોગી અવસ્થા પ્રાપ્ત થાય તેને અયોગી કેવળી ગુણાસ્થાન કહે છે.

૭) પ્રમાદ કેટલા છે ? કયા કયા ? પ્રમાદ કયા ગુણાસ્થાને જાય છે ? તે ગુણાસ્થાનનું નામ લખો.

**જ:** ૭) પ્રમાદ પાંચ છે. ૧) મદ્ય, ૨) વિષય, ૩) કષાય, ૪) નિદ્રા, ૫) વિકથા
૭ માં ગુણ. જાય તેનું નામ અપ્રમત્ત સંયતિ ગુણ

૮) ૩જા ગુણસ્થાને કેટલી અને કઈ કઈ પ્રકૃતિનો ઉદય હોય ?

**જ: ૮) અનંતાનું બંધી ૪ તથા મિશ્ર મોહનીય ૧ એમ પાંચ પ્રકૃતિનો ઉદય હોય છે. મિથ્યાત્વ મોહનીયનો ક્ષયોપક્ષમ સમકિત મોહનીયના ઉદયનો અભાવ અને મોહનીયની બાકીની ૨૧ પ્રકૃતિનો ઉદય હોય છે.**

૯) વેદક સમકિત કોને કહેવાય ? ૪થા ગુણસ્થાને કેટલી વાર આવે ? તેની સ્થિતિ કેટલી છે ? આ સમકિત કયા ગુણસ્થાનક સુધી હોય ?

**જ: ૯) સમકિત મોહનીયના છેલ્લાં દલિકોનું જ્યારે જીવ વેદન કરે છે. ત્યારે વેદક સમકિત કહેવાય છે. વેદક સમકિત એકવાર આવે, તેની સ્થિતિ ૧ સમયની છે. આ સમકિત ૪ થી ૭ ગુણ સુધી હોય.**

૧૦) શ્રેણી કેટલી છે ? કઈ કઈ ? કઈ શ્રેણીવાળો નિયમો તેજ ભવે મોક્ષે જાય ?

**જ: ૧૦) શ્રેણી બે પ્રકારની છે. ૧) ઉપશમ શ્રેણી, ૨) ક્ષપક શ્રેણી. ક્ષપક શ્રેણી અપડિવાઈ હોવાથી. ક્ષપક શ્રેણીથી જીવ નીચે પડતો નથી તેજ ભવે મોક્ષે જાય છે.**

૧૧) જીવ પાંચમા ગુણસ્થાને ક્યારે આવે તે લખો. આ ગુણસ્થાને કર્મબંધના કયા કયા કારણ ન હોય ?

**જ: ૧૧) દર્શન સપ્તક અને અપ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા અને લોભ એમ ૧૧ પ્રકૃતિનો ક્ષયોપક્ષમ કરે. ત્યારે દેશવિરતી ગુણસ્થાને આવે. મિથ્યાત્વ અને અવ્રત ન હોય.**

## ખ) ટૂંકમાં જવાબ લખો : (૫)

૧) જે જીવ શ્રેણીમાં કાળ કરે તો કઈ ગતિમાં જાય ? તે ગુણસ્થાને કાળ ન કરે તો કયાં જાય ?

**જ: ૧) શ્રેણીમાં કાળ કરે તો પાંચ અનુત્તર વિમાનમાં ઉપજે, કાળ ન કરે તો ૧૦માં ગુણે જાય**

૨) દેશવિરતી ગુણસ્થાન કોને કહેવાય ?

**જ: ૨) સાધુના મહાવ્રતની જેમ સંપૂર્ણ વિરતિ ન હોવાથી દેશ વિરતી કહેવાય છે.**

૩) ૪થા ગુણસ્થાનની ગતિ કઈ ?

**જ: ૩) જધન્ય ૧લે દેવલોકે ઉપજે, ઉત્કૃષ્ટ બારમે દેવલોકે ઉપજે.**

૪) વીતરાગીનાં ગુણસ્થાન કેટલા ? કયા કયા ? (ફક્ત નંબર લખો).

**જ: ૪) વીતરાગીનાં ગુણસ્થાન ૪, (૧૧થી ૧૪)**

૫) સમકિતના ગુણસ્થાન કેટલા ? કયા કયા ? (ફક્ત નંબર લખો).

**જ: ૫) સમકિતના ગુણસ્થાન ૧૨ (૧લુ, ૩જુ વર્જીને)**

## ગ) યોગ્ય જોડી ગોઠવો : (૬)

| | | | | **જવાબ** |
|---|---|---|---|---|
| ૧) | ચારિત્ર આત્માનાં ગુણસ્થાન | ..... | ૮ થી ૧૪ | ૬ થી ૧૪ |
| ૨) | શુક્લ ધ્યાનના ગુણસ્થાન | ..... | ૧થી ૬ | ૮ થી ૧૪ |
| ૩) | અણાહારક કેવળીનું ગુણસ્થાન | ..... | ૧૩ મું | ૧૪ મું |
| ૪) | પ્રમાદના ગુણસ્થાનક | ..... | ૧થી ૪ | ૧થી ૬ |
| ૫) | ૭ યોગનું ગુણસ્થાન | ..... | ૧૪ મું | ૧૩ મું |
| ૬) | દેવગતિના ગુણસ્થાન | ..... | ૬ થી ૧૪ | ૧થી ૪ |

**ઘ ખાલી જગ્યા પૂરો :** **(૬)**

૧) ઉદયભાવ .......... થી .......... ગુણસ્થાન સુધી હોય.

**જ:** ૧) ઉદયભાવ ૧ થી ૧૪ ગુણસ્થાન સુધી હોય.

૨) વિકલેન્દ્રિયના .......... અને .......... ગુણસ્થાન છે.

**જ:** ૨) વિકલેન્દ્રિયના ૧ લુ અને ૨ જુ ગુણસ્થાન છે.

૩) નરક ગતિના .......... થી .......... ગુણસ્થાન છે.

**જ:** ૩) નરક ગતિના ૧ થી ૪ ગુણસ્થાન છે.

૪) વિભંગ જ્ઞાનના .......... અને .......... ગુણસ્થાન છે.

**જ:** ૪) વિભંગ જ્ઞાનના ૧, ૨ અને ૩ ગુણસ્થાન છે.

૫) જ્ઞાનાવરણીય કર્મની સત્તા .......... થી .......... ગુણસ્થાન સુધી હોય.

**જ:** ૫) જ્ઞાનાવરણીય કર્મની સત્તા ૧ થી ૧૨ ગુણસ્થાન સુધી હોય.

૬) જ. ઉ. અંતમુહૂર્તની સ્થિતી .......... અને .......... ગુણસ્થાનની છે.

**જ:** ૬) જ. ઉ. અંતમુહૂર્તની સ્થિતી ૩ જા અને ૧૨ મા ગુણસ્થાનની છે.

**ચ)** ૧) વેદનીય કર્મની સત્તા, બંધ, ઉદિરણા કેટલા ગુણસ્થાન સુધી હોય ?
(ફક્ત નંબર લખો) **(૩)**
તેમજ વેદ, ઉદય, નિર્જરા કેટલા ગુણસ્થાન સુધી હોય ?

**જ:** ૧) વેદનીય કર્મની ૧ થી ૧૪, ૧ થી ૧૩ ૧ થી ૬ સુધી
તેમજ વેદ, ઉદય, નિર્જરા ૧ થી ૧૪ ગુણસ્થાન સુધી હોય.

**પ્ર.: ૩ જીવ પરિણામ પદ – અજીવ પરિણામ પદના આધારે** **૧૫**

**ક)** ૧) જીવ પરિણામ એટલે શું ? તેના પ્રકાર કેટલા ? **(૨)**

**જ:** ૧) પરિણામ એટલે દ્રવ્યનું વિવિધ પર્યાયરૂપે પરિણમન થવું તે ૨) જીવની ગતિ વગેરેની પર્યાયના પરિવર્તન થી થવાવાળી અવસ્થા તે જીવ પરિણામ. જીવ પરિણામ ૧૦ પ્રકારના છે.

૨) ચારિત્ર કેટલા પ્રકારના છે ? કયા કયા ? **(૨)**

**જ:** ૨) ચારિત્ર ૭ પ્રકારના છે. ૧) સામાયિક ચારિત્ર, ૨) છેદોપસ્થાપનીય ચારિત્ર, ૩) પરિહાર વિશુધ્ધ ચારિત્ર, ૪) સૂક્ષ્મસંપરાય ચારિત્ર, ૫) યથાખ્યાત ચારિત્ર, ૬) દેશ વિરતિ (શ્રાવક), ૭) અવિરતિ

૩) શરીરમાં આઠ પ્રકારના સ્પર્શ કયા અંગોમાં છે ? **(૨)**

**જ:** ૩) ખરબચડો – પગની એડી, સુવાળો – તાળવુ, હલકો – વાળ, ભારે – હાડકાં, ઠંડો – કાનની બૂટ, ગરમ – કલેજું, રૂક્ષ – જીભ, સ્નિગ્ધ – આંખની કીકી.

૪) નીચેના પરિણામની ફક્ત વ્યાખ્યા લખો. **(૪)**

૧) સંસ્થાન પરિણામ, ૨) રસ પરિણામ, ૩) વર્ણ પરિણામ, ૪) પ્રતર ભેદ

**જ: ૪) ૧) સંસ્થાન પરિણામ : સંસ્થાન એટલે આકાર ઓછા માં ઓછા બે પ્રદેશી સ્કંધથી અનંત પ્રદેશી સ્કંધમાં પાંચમાંથી કોઈને કોઈ એક સંસ્થાન હોય છે.**

૨) રસ પરિણામ : મૂળ રસ પાંચ છે. તીખો, કડવો, કસાયેલો, ખાટો, મીઠો. ખારો રસ બધાં પુદ્ગલોમાં હોય છે. તે પાંચ રસમાં ભળે છે. માટે તેને સબરસ કહે છે. દરેક પુદ્ગલમાં ૫ રસ હોય છે.

૩) વર્ણ પરિણામ : મૂળ વર્ણ પાંચ છે. કાળો, નીલો, રાતો, પીળો, ધોળો. એ પાંચ વર્ણના સંયોજનથી અનેકવર્ણ બની શકે છે. જેમ બદામી, કેસરી, જાંબળી, ગુલાબી વિ. દરેકે પુદ્ગલમાં આ પાંચે વર્ણ હોય છે.

૪) પ્રતર ભેદ : વાંસ, નેતર, કેળનું ઝાડ અને અબરખ વગેરેના પ્રતર (પડ) ની જેમ, જે ભેદ થાય છે તે પ્રતર ભેદ છે.

**ખ) ટૂંકમાં જવાબ લખો : (૩)**

| | | **જવાબ** |
|---|---|---|
| ૧) | કીડીને લેશ્યા કેટલી ? કઈ કઈ ? | ૩ (પ્રથમ - ૩) |
| ૨) | અપકાયમાં દૃષ્ટિ કેટલી ? કઈ કઈ ? | ૧, મિથ્યાદૃષ્ટિ |
| ૩) | અપરાજિત દેવલોકના દેવના ચારિત્ર કેટલાં ? | ૧ અવિરતી |

**ગ) હા કે ના લખો : (૨)**

| | | **જવાબ** |
|---|---|---|
| ૧) | વનસ્પતિમાં ૨ વેદ છે. | ના |
| ૨) | મગનો લોટ, સૂંઠ પાવડર ચૂર્ણ ભેદ છે. | હા |
| ૩) | ચોરસ આકારે જઘન્ય ૪ આકાશ પ્રદેશ છે. | હા |
| ૪) | જઘન્ય ૧ ગુણાનું ૧ ગુણાથી બંધન થાય. | ના |

**પ્ર.:૪ સંસ્કાર વિભાગ : ૧૦**

**ક)** ૧) નાનાને વડીલો પ્રત્યે અણગમો થાય ત્યારે શું ના વિચારાય - ૪ મુદ્દા લખો :

**જ:** ૧) શું બધું વડીલોને પૂછીને જ કરવું જોઈએ ? ૨) વડીલોને ન ગમે એટલે ન કરવું એવું કોણે કહ્યું ? ૩) મારે જે કરવું હોય તે હું કરું તેમાં વડીલોએ માથુ મારવાની જરૂરત નથી. ૪) ભણાવ્યાં, ગણાવ્યાં, મોટાં કર્યા એનાં શું ઉપકાર કરી દીધો.

૨) માન કેવી રીતે ઘટશે - ૪ મુદ્દા લખો :

**જ:** ૨) આજે જે તન, ધન, વતન સાધનનું અભિમાન કરીએ છીએ એ આપણી પાસે ક્યારથી છે ? શું ગયા ભવમાંથી બધું સાથે લઈને આવેલાં ? અને એ રહેશે ક્યાં સુધી ? જે સ્મશાનમાં પણ સાથેના આવે તે પરભવમાં સાથે ન આવે. જેના પહેલાં ખાલી હાથ ! તેના છેલ્લા ખાલી હાથ ! માટે પહેલાં હતું નહી ! પછી રહેવાનું નથી તેનું માન શા માટે કરવાનું ?

૩) અવાજ ધીમો રાખું, મૌન રાખું કેવી રીતે કરશો ?

**જ:** ૩) ધીમા અવાજે ક્રોધ થઈ શકતો નથી, ક્રોધ આવતા અવાજ મોટો થાય છે માટે અવાજ ધીમો હોય તો ક્રોધને કાબુ કરી શકાય. મગજ ગરમ હોય ત્યારે મોઢું ન ખોલીએ. પહેલા મગજને ઠંડુ પડવા દઈએ પછી બોલવું. આ રીતે અવાજ ધીમો રાખી એ આ ક્રોધથી બચવાનો સરળ ઉપાય છે.

## ખ) ખાલી જગ્યા પૂરો :

૧) ખામેમિ મિચ્છામિ ......... થી આરાધનાથી સંથારો કરું.

**જ:** ૧) ખામેમિ મિચ્છામિ વંદામિ થી આરાધનાથી સંથારો કરું.

૨) મારાં અશુભ કર્મોને કારણે જ ......... ના વિચાર મારાથી વિરુદ્ધ છે.

**જ:** ૨) મારાં અશુભ કર્મોને કારણે જ વડીલો ના વિચાર મારાથી વિરુદ્ધ છે.

૩) આત્માના પરિણામ ........., અધ્યવસાય એટલે કે ભાવ ન બગાડું.

**જ:** ૩) આત્માના પરિણામ લેશ્યા, અધ્યવસાય એટલે કે ભાવ ન બગાડું.

૪) માલિકી ભાવ એટલે ........... .

**જ:** ૪) માલિકી ભાવ એટલે અધિકાર .

૫) બધું મારા મનને ......... જ મળવું જોઈએ.

**જ:** ૫) બધું મારા મનને અનુકુળ જ મળવું જોઈએ.

૬) મારો તો એક આત્મા ......... અને જ્ઞાન દર્શન તે જ મારા.

**જ:** ૬) મારો તો એક આત્મા મારા ગુણો અને જ્ઞાન દર્શન તે જ મારા.

૭) ......... અવગુણ દુર્ગુણો લાવે છે.

**જ:** ૭) અવિનય અવગુણ દુર્ગુણો લાવે છે.

૮) સંતાનોને ન બગાડું ......... ન બગાડું.

**જ:** ૮) સંતાનોને ન બગાડું સંબંધો ન બગાડું.

## પ્ર.: ૫ કથા વિભાગ : (કોઈ પણ પાંચ) ૧૦

૧) રેવતી કોણ હતી ? તેણે શું વિચાર કયો ?

**જ:** ૧) રેવતી મહાશતક શ્રાવકની પત્ની હતી. તેને મનમાં એવો વિચાર આવ્યો કે જો હું મારી બાર શોકયોને મારી નાખું તો તેની સંપત્તીપર મારો અધિકાર થઈ જાય અને મહાશતકની સાથે હું એકલાં જ મનુષ્ય જીવનનાં વિપુલ સુખોને ભોગવું.

૨) જિનરક્ષિત ચલાયમાન કેમ થઈ ગયો ?

**જ:** ૨) રયણાદેવીએ જિન રક્ષિતને કહ્યું "હે ! જિનરક્ષિત તુ પણ જિનપાલની માફક. તુ પણ મને રડતી મૂકી મારી પરવા કર્યા વિના ચાલ્યો જઈશ ? મારી સામે જોઈશ નહી !" આવા પ્રણયમન, સરળ, મધુર રયણાદેવીના વચનો સાંભળીને જિનરક્ષિત ચલાયમાન થઈ ગયો .

૩) મહાવીર સ્વામીએ ગૌતમને શું કહ્યું ?

**જ:** ૩) હે ગૌતમ ! મહા શતકની સાધનામાં સ્ખલના થઈ ગઈ છે. મહાશતકે રેવતીની સામે સત્ય ભાષણ કર્યુ છે. તે ઉચિત નથી માટે તમે જઈને કહો કે તે દોષ સેવન માટે આલોચના કરે. પ્રાયશ્ચિતનો સ્વીકાર કરે.

૪) દેવીએ માકંદી પુત્રોને શું ઉપસર્ગ આપ્યો ? તેમનો અંત શું આવે છે ?

**જ:** ૪) દેવીએ માકંદી પુઈને જતાં જોયા તે ગુસ્સે થઈને તલવાર કાઢીને આંકાશ માં શીઘ્રગતિએ ઉડવા લાગી તેમને કહેવા લાગી તમે શું મારો ત્યાગ કરીને જશો ? હું તમારા બન્નેના માથાં કાપીને ફેકી દઈશ. તેમાં તે નિષ્ફળ ગઈ ત્યારે તેણે કામ ઉત્પાદક અનુકૂળ ઉપસર્ગો આપવાના શરૂ કર્યા. અંતે જિનરક્ષિત ચલાયમાન થાય છે. તેને મોતને શરણ થવું પડે છે. જિનપાલ ચલાયમાન નથી થતા. જિનપાલ દિક્ષા લઈ સદ્ગતિને પ્રાપ્ત કરે છે.

૫) ચંપાનગરીના સાર્થવાહનું, તેની પત્ની અને પુત્રોનું નામ શું હતું ?

**જ:** ૫) ચંપાનગરીના સાર્થવાહનું નામ – માકંદી હતું. તેમની પત્નિનું નામ ભદ્રા હતું તેમના બે પુત્રો ૧) જિનપાલ ૨) જિન રક્ષિત હતું.

૬) જિનપાલ – જિનરક્ષિતની કથા આપણને શું બોધપાઠ આપે છે ?

**જ:** ૬) જિનપાલ – જિનરક્ષિતની કથા ચતુર્વિધ સંઘને પાંચ ઇન્દ્રિયોના વિષયમાં આશક્ત ન થવાનો સુંદર બોધ આપે છે. વીતરાગની આજ્ઞાનું જે પાલન કરશે તે પાછળ ન જોનારા જિનપાલની જેમ હેમખેમ ચંપાનગરી સમાન મોક્ષ નગરીમાં પહોંચી જશે. કામભોગ અને વિષયો તરફ દ્રષ્ટિ કરશે તે દુખી થઈ પરિભ્રમણામાં ફસાશે.

**પ્ર.:૬ કાવ્ય પૂર્તિ કરો :** **૧૦**

૧) કાદવમાં ખરડી ......... આખું જીવન મારું.

**જ:** ૧) કાદવમાં ખરડી ને કાયા, પાછો ધોવા બેઠો,
માયામાં ડુબકી મારીને, એવો તરવા બેઠો,
ખબર નથી કે એક દિવસ, આ ભવસાગરમાં ડૂબવાનો.. રોજ કરું
નાટકીયા જેવું છે હે પ્રભુ, આખું જીવન મારું,

૨) ભૂખ – તરસ ......... પીવું.

**જ:** ૨) ભૂખ – તરસ ને ઠંડી ગરમી, કેમ કરી સહેવાશે ?
૩૩ ૩૩ સાગર, એવા સ્થાને કેમ રહેવાશે ?
દાહ જવરની તીવ્ર વ્યથા, ત્યાં કોને હું બનાવું ? ના રે ના..
ધગધગતું ઉકળતું સીસું, હવે નથી પીવું.

૩) આગમને ......... જ્ઞાનને ઠોસ કરવા.

**જ:** ૩) આગમને અનુસરવા, દુનિયાથી જૂદું જીવવું છે .... ભ્રમમાં
લોકો કહે છે ધનથી જીવાય છે, વીતરાગ કહે છે.
જ્ઞાનથી જીવાય છે જ્ઞાનને ઠોસ કરવા.

૪) ઊંડી ખીણામાં ......... દિલમાં જગાવી.

**જ:** ૪) ઊંડી ખીણામાં જેને નંખાવે, વળી ગર્દન અસિથી ઉડાવે
મુનિ ઝાંઝરિયા, કેવા વીર થયા મહાસંત ... ક્યારે થઈ શું ?
સર્વ જીવોને ખમી ખમાવી, મૈત્રી ભાવના દિલમાં જગાવી.

|| જય જિનેન્દ્ર ||